માહિતી એ જ્ઞાન નથી.. માહિતી રોજીરોટી આપે છે.. જ્યારે જ્ઞાન જીવનને સફળ બનાવે છે
- જ્ઞાનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૧૪, શુક્રવાર; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



(તસવીર : દિપક જાની)

કબૂતરોની મસ્તી - મેઘરાજાની પધરામણીથી અબોલ પશુ-પંખીઓમાં કેવો આનંદ ઉભરાયો છે એની બોલતી તસવીર પાણીના એક નાનકડા ખાબોચિયામાં આખા વરસની મોજ-મસ્તી માણતા હોય એવું આ દશ્ય... આંખને નિહાળવી ગમે આ પ્રકૃતિની અનોખી લીલાને... કબૂતરો તો ભોળામાં ભોળુ પક્ષી છે... ડગલે ને પગલે એનું ભોળપણ છતું થાય છે... આ તસવીરમાં પણ જોઈ શકાય છે કે, કેવી નિખાલસતાથી પોતાના આનંદની અભિવ્યક્તિ કરી રહ્યા છે... એટલે તો આપણે એને શાંતિના પ્રતિક તરીકે ઓળખીયે છીએ... આવા કબૂતરોને મેઘ કૃપાથી ઉલ્લાસની પરાકાષ્ટા અનુભવાય છે.

# ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના ચાર યુનિટોએ વીજ ઉત્પાદન બંધ કર્યુ

## વીજ માંગમાં ઘટાડો થયાનું કારણ અપાય છે જો કે બે યુનિટો જુના થયા હોવાથી ઉત્પાદન પણ ઓછુ આવે છે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના ચાર યુનિટ વીજ માંગ નહિ હોવાના કારણે વીજ ઉત્પાદન કરતા બંધ કરવામાં આવ્યા છે.

ચોમાસાની ઋતુમાં સામાન્યતઃ વીજ માંગમાં ઘટાડો થતો હોય છે. ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાં હાલ માત્ર ૨૧૦ મે.વો. વીજ ઉત્પાદન કરતું એક જ યુનિટ કાર્યરત છે.

મળતી વિગતો પ્રમાણે ૧૨૦ મે.વો.ના બે વીજ મથકો તેમજ ૨૧૦ મે.વો.ના બે યુનિટ બંધ કરવામાં આવ્યા છે. ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના બે યુનિટ ૧૨૦ મે.વો.ના આમેય જુના થયા છે અને તેમાંથી ધાર્યુ વીજ ઉત્પાદન મળતું નથી.

આ અગાઉ થોડા સમય પૂર્વે પાંચેય યુનિટ ઉત્પાદન કરતા બંધ કરાયા હતા પરંતુ પાછળથી તે કાર્યરત કરાયા હતા. જો કે ૧૨૦ મે.વો.ના બે યુનિટ તો ચોમાસાના પ્રારંભ પૂર્વે જ બંધ કરી દેવાયા હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ ચોમાસાનો આરંભ થતાં જ ક્રમશઃ બે યુનિટો પણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન દ્વારા ૮૭૦ મે.વો. વીજ ઉત્પાદન કરવામાં આવે છે. આ માટે પાંચ જેટલા થર્મલ યુનિટ છે. કોલસાની તંગીની કોઈ અસર નહિ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. હાલ તો વીજ માંગમાં થયેલા ઘટાડાને જ આગળ કરવામાં આવી રહેલ છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના આધુનિકરણ માટેની યોજના પણ અલગથી વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના આધુનિકરણની સાથે સાથે ગેસ આધારિત યુનિટો ઉભા કરવાનો વિકલ્પ પણ વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગરની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૯ મંજુર

## વાસણા-હડમતિયા, સરગાસણ, ઉવારસદ, તારાપુર અને વાવોલની ટી.પી. સ્કીમ મંજૂર કરાઈ

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રીએ નવી ૧૦ ટી.પી. સ્કીમોને મંજુરી આપી છે. જેમાં અમદાવાદ, વડોદરા અને સુરતની ટીપી સ્કીમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગાંધીનગરની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૯ વાસણ હડમતીયા-સરગાસણ-ઉવારસદ- તારાપુર-વાવોલને પણ મંજુરી આપવામાં આવી છે. આ વિસ્તારમાં ટી.પી. સ્કીમને મંજુરી અપાતા વિકાસની નવી યોજનાઓને વેગ મળશે.

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરતની ૧૦ ટી.પી. સ્કીમને મંજુરી આપી છે.

મુખ્યમંત્રીએ અમદાવાદની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૩ (સાણંદ) અને ૭૬/બી-(ચાંદખેડા)ની તથા ગાંધીનગરની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૯ (વાસણા હડમતીયા-સરગાસણ-ઉવારસદ-તારાપુર-વાવોલ) મંજુર કરવા સાથે ત્રણ પ્રિલીમનરી ટી.પી.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના સુવર્ણ જયંતિ વર્ષને વધાવવા આજે મધરાતે ઘંટનાદ

## જન્મદિવસને લોકોત્સવ બનાવવા ઘરે-ઘરે લાપસી રાંધી દિવાળીની જેમ દીવડાઓ અને રોશનીનો પ્રકાશ પાથરવામાં આવશે : શાળાના બાળકોને ચોકલેટ વિતરણ કરાશે : ઘ-૪ ખાતે રાત્ર ૧૨ વાગે ભવ્ય આતશબાજી થશે : સેક્ટરોના રીંગરોડ પર બાઈક રેલી નીકળશે : બીજી ઓગસ્ટે ઘરઆંગણે વૃક્ષારોપણ માટે પણ અપીલ

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગરના ૫૦માં જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવનાર છે. જન્મદિવસ લોકોત્સવની જેમ ભાવપૂર્વક ઉજવાય તેવા -યાસો હાથ ધરાયા છે. નગરના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ૧ ઓગષ્ટની મધરાતે ઘરે ઘરે ઘંટનાદ કરી સ્થાપના દિવસનું સ્વાગત કરવામાં આવશે. જયારે ૨ ઓગષ્ટના રોજ સવારે નાગરિકો પોતાના ઘરઆંગણે એક સ્મૃતિ વૃક્ષ વાવીને સુવર્ણ જયંતીની ઉજવણી કરશે. આ ઉપરાંત સ્થાપના દિનની ઉજવણી અન્વયે સેક્ટરોમાં -ત્યેક ઘરના આંગણે દીવડાઓનો દિવ્ય -કાશ પથરાય તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે. નગરની -ાથમિક શાળાઓના ભૂલકાઓને પણ ચોકલેટથી મ્હો મીઠું કરાવીને નગરના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવશે. શહેરના ઘ-૪ વિસ્તારમાં ૧ લી ઓગષ્ટની મધરાતે ભવ્ય આતશબાજી પણ કરવામાં આવશે.

ગાંધીનગરના ૫૦ માં સ્થાપના દિનને ઉત્સાહથી વધાવવા નગરજનો ઉત્સુક બન્યા છે ત્યારે નગરના જન્મદિવસની પારિવારિક માહોલમાં ઉજવણી કરવા નવતર આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગાંધીનગરનો ૫૦ મો જન્મદિવસ લોકોત્સવની જેમ ભાવપૂર્વક ઉજવાશે. આ ઉજવણીમાં શહેરના -ત્યેક નાગરિકો સ્વયંભુ રીતે સામેલ થાય તે માટે નગરની સુવર્ણ જયંતીને લોકોત્સવ તરીકે ઉજવવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

રૂદ્રાક્ષ હોસ્પિટલ
મલ્ટીસ્પેશ્યાલીટી અને ૨૪ કલાક અકસ્માત સારવાર કેન્દ્ર
પાટીયા, નરોડા, અમદાવાદ. ફોન.નં : ૦૭૯-૨૨૮૪૧૭૧૭/૧૮૧૮, ફેક્સ :- ૦૭૯-૨૨૮૪૧૯૧૯
ડેન્ગ્યુ મેલેરીયા ઝાડા-ઉલ્ટી
સાવચેતીમાં જ સમજદારી !!
• શરીરના અંગોને ઢાંકી રાખે તેવા કપડાં પહેરવા.
• ઘરની આજુબાજુ પાણી જમા થતું અટકાવવુ.
• મચ્છરદાની નો ઉપયોગ કરવો.
• પાણી ઉકાળેલુ પીવું.
• ખુલ્લા - વાસી પદાર્થો ખાવા નહી.
• લીંબુ સરબત વધારે પ્રમાણમાં પીવું.
રોગના લક્ષણો :- તાવ આવે, આંખની પાછળના ભાગમાં દુખાવો થવો, શરીર પર લાલ ચકામા પડે, નાકમાથી લોહી પડે, વારંવાર લોહી સાથે કે લોહી વિના ઉલટી થાય, મોઢુ સુકાઈ જાય કે શ્વાસોશ્વાસ તકલીફ થવા જેવા ગંભીર લક્ષણો દેખાય.
રોગનુ નિદાન થયા બાદ : નિષ્ણાત ડૉક્ટરની સલાહ મુજબ સારવાર લેવી, આરામ કરવો અને પુષ્કળ પ્રમાણમા પ્રવાહી લેવું.
તાવના ચોક્કસ નિદાન માટે લોહીની તપાસ કરાવવી જરૂરી છે.
• સીટીસ્કેન • મેમોગ્રાફી • ડાયાલીસીસ • ઇકો • એન્ડોસ્કોપી • સોનોગ્રાફી • કલર ડોપ્લર • ઇ.ઇ.જી. • ટી.એમ.ટી. • બ્રોન્કોસ્કોપી • એક્સ-રે • બોડી ચેકઅપ • પી.એફ.ટી. • વ્યસનમુક્તિ • લેબોરેટરી
ફ્રી નિદાન
દર બુધવાર અને શુક્રવાર ફીજીશીયન અને સર્જન દ્વારા
સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સાંજે ૫:૦૦ થી ૯:૦૦
10% ડીસ્કાઉન્ટ દવાઓ અને લેબોરેટરી

ગાંધીનગર મહાનગરપાલીકાના સહયોગથી
ગાંધીનગર શહેરની સ્થાપનાની સુવર્ણ જયંતિ નિમિત્તે
સમયસર આંખની તપાસ નહી કરાવવાના કારણે ઘણા દર્દીઓએ પોતાની આંખો ગુમાવી છે.
શું આપે આપની આંખનું ચેકઅપ કરાવી લીધું છે ??????
સૌજન્ય :-
શ્રી મહેન્દ્રસિંહ રાણા (મેયરશ્રી)
શ્રી આશિષભાઈ દવે (ચેરમેનશ્રી)
શ્રી સુભાષભાઈ પાંડવ (ડેપ્યુટી મેયરશ્રી)
શ્રી મનુભાઈ પટેલ (નેતાશ્રી)
In Association With
તેજ આઈ સેન્ટર
ડૉ. તેજલ દલાલ
૯૦૧/૧, સેક્ટર-૭/સી, 'ઘ' રોડ, મેઈન બસ ડેપો પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૦૭.
ફોન: ૦૭૯-૨૩૨ ૪૫૧૨૬, મો. ૯૯૨૪૦ ૮૮૫૦૦
www.tejeyecenter.com | info@tejeyecenter.com
કલોલ | દહેગામ | માણસા
ફ્રી આઈ ચેકઅપ અને ડાયાબીટીસ કેમ્પ
તારીખ : ૨ ઓગષ્ટ ૨૦૧૪, શનિવાર
સેક્ટર : ૨ / સમય : સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ / સ્થળ : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, મેઈન શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર - ૨.
સેક્ટર : ૭ / સમય : સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ / સ્થળ : તેજ આઈ સેન્ટર, ૯૦૧/૧, બસ ડેપો સામે, સેક્ટર - ૭ સી.
સેક્ટર : ૨૧ / સમય : સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ / સ્થળ : સરકારી દવાખાનું, શાકમાર્કેટ સામે, સેક્ટર - ૨૧.
સેક્ટર : ૨૪ / સમય : બપોરે ૦૧:૦૦ થી ૦૩:૦૦ / સ્થળ : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, શાકમાર્કેટની બાજુમાં, સેક્ટર - ૨૪.
સેક્ટર : ૨૯ / સમય : બપોરે ૦૧:૦૦ થી ૦૩:૦૦ / સ્થળ : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, પ્રાથમીક સ્કુલની બાજુમાં, સેક્ટર - ૨૯.
સેક્ટર : ૨૬ / સમય : સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦ / સ્થળ : સદ્દભાવના ગાર્ડન, ન્યુ ગ્રીનસીટી, ડી-માર્ટ પાછળ, સેક્ટર - ૨૬.
સૌજન્ય :- તેજ આઈ ફાઉન્ડેશન

સચિવાલય ડેટા ઓપરેટર (કલાર્ક)
✓ તલાટી ✓ કલાર્ક ✓ કોન્સ્ટેબલ માં
ટૂંક સમયમાં 15000+ થી વધુની ભરતી (વર્ગ-૩ માટે)
માસ્ટર કોર્ષ-2014
MASTER COURSE 2014
મહેસાણા: બેચ શરૂ તા. 08.08.2014 | બેચનો સમય બપોરના 12-15 થી 1-45 | ભણવાના દિવસ શનિ થી ગુરૂ
ગાંધીનગર: બેચ શરૂ તા. 09.08.2014 | બેચનો સમય બપોરના 12-45 થી 2-15 | ભણવાના દિવસ સોમ થી શુક્ર
ફી ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ધો.૧૨ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, શિરાગ પ્લાઝા, આયંન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 9-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.

## છઠ્ઠી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. વાલાજી પપાજી વણઝારા
સ્વ. તા. ૧/૮/૨૦૦૮

જીવન એવું જીવી ગયા કે,
સૌ સદા તમને યાદ કર્યા કરે
કર્મ સદા એવા કર્યા કે,
સોના હૃદયમાં ગુંજ્યા કરે
જીવનમાં દુઃખથી કદી ડર્યા નહી,
વ્યવહાર કદી ચુક્યા નહી.
ધર્મ કદી ભૂલ્યા નહી,
સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યા.

આપના દિવ્ય આત્માને પ્રભુ સદ શાંતિ અર્પે...

લિ.
આપના ઋણાનુરાગી

દશરથભાઈ વી. વણઝારા (પત્રકાર, ગાંધીનગર સમાચાર)
રમેશભાઈ વી. વણઝારા
બાબુભાઈ વી. વણઝારા
જગદીશભાઈ વી. વણઝારા
ગં.સ્વ. ગંગાબેન વી. વણઝારા
ઈન્દીરાબેન ડી. વણઝારા
સીતાબેન આર. વણઝારા
ભારતીબેન બી. વણઝારા
ટીનાબેન જે. વણઝારા
કિંજલ, ખુશ્બુ, યશ, નાગેશ, નિશા, નિલેશ, જયદીપ, રિયા, પ્રથા, નિર્વેશ, સાહીલ તથા સમસ્ત પરિવાર